# એ. જી. હાઈસ્કૂલ અને જી. એન્ડ ડી. પરીખ હાયર સેકન્ડરી સ્કૂલ

નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

**પ્રથમ પરીક્ષા - ૨૦૧૪**

સા વિદ્યા યા વિમુક્તયે ।

| | | |
|---|---|---|
| તારીખ : ૨૩-૦૯-૧૪ | ધોરણ : ૧૨ | સમય : ૩:૦૦ કલાક |
| વાર : મંગળવાર | વિષય : વાણિજ્ય વ્યવસ્થા (046-G) | ગુણ : ૧૦૦ |

**સૂચનાઓ :**

1. તમામ પ્રશ્નો ફરજીયાત છે.
2. પ્રશ્નની સામે ગુણ આપેલાં છે.
3. પ્રશ્નોની સૂચના મુજબ ઉત્તર લખો.

## વિભાગ - A

**પ્રશ્ન નં. 1 થી 10 બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો છે. દરેક પ્રશ્ન માટે આપેલ ચાર વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **(10)**

1. સંચાલન વિવિધ સાધનોનું ......... કરે છે અને તે દ્વારા એકમના ધ્યેય સિદ્ધ કરી શકાય છે.
   (A) આયોજન (B) વ્યવસ્થાતંત્ર
   (C) સંકલન (D) અંકુશ
2. કર્મચારીઓના તાલીમ, વિકાસ, બઢતી, બદલી વગેરેની વિચારણા કરવી તે ......... કર્ય છે.
   (A) ઉચ્ચ સપાટીનું (B) મધ્ય સપાટીનું
   (C) નિમ્ન સપાટીનું (D) બધી જ સપાટીનું
3. ......... મતે આયોજનમાં ધંધાનું સંચાલન, સંચાલકોનું સંચાલન અને કામદારો અને કામનું સંચાલન વગેરેનો સમાવેશ થાય છે.
   (A) ડૉ. જ્યોર્જ આર. ટેરીના (B) હેનરી ફેયોલના
   (C) પીટર ડ્રકરના (D) ફ્રેડરિક ટેલરના
4. ......... શિસ્તની ખાતરી છે.
   (A) શિસ્ત અંગેનો સિદ્ધાંત (B) હુકમની એકવાક્યતાનો સિદ્ધાંત
   (C) દોરવણીની એકવાક્યતાનો સિદ્ધાંત (D) કેન્દ્રીકરણનો સિદ્ધાંત
5. ....... એ કાર્યક્રમ પાર પાડવાની વ્યવસ્થા દર્શાવે છે.
   (A) નીતિ (B) પદ્ધતિ
   (C) નિયમો (D) અંદાજપત્ર
6. ....... શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ અપનાવી શકાય છે.
   (A) વ્યવસ્થાતંત્રથી (B) વિભાગીકરણથી
   (C) પ્રમાણીકરણથી (D) નિર્ણય પ્રક્રિયાથી
7. ......... એ જ વ્યવસ્થાતંત્રની સફળતાનો પાયો છે.
   (A) સત્તાસોંપણી (B) જવાબદારીની સોંપણી
   (C) ઉત્તરદાયિત્વ (D) કેન્દ્રીકરણ
8. આજના વૈશ્વિક હરીફાઈના સમયમાં ........ મહત્તવ ખૂબ વધ્યું છે.
   (A) કર્મચારી વ્યવસ્થા (B) માનવ-સંશાધન વિભાગ
   (C) માનવ-સંસાધન સંચાલન (D) માનવશક્તિ આયોજન
9. ....... એટલે કર્મચારીઓનો સર્વાંગી વિકાસ.
   (A) તાલીમ (B) ભરતી
   (C) પસંદગી (D) વિકાસ

10. ........ ઉત્પાદનનાં સાધનોમાં એક મહત્ત્વનું સાધન છે.
(A) મેનેજરો (B) નિરક્ષકો
(C) કર્મચારીઓ (D) વહીવટી અધિકારીઓ

## વિભાગ - B

**પ્રશ્ન નં.11 થી 20 અતિટૂંક જવાબી પ્રશ્નો છે. દરેક પ્રશ્નનો 1 ગુણ છે. તેનો જવાબ 1 થી 10 શબ્દોની મર્યાદામાં લખો.** **(10)**

11. આધુનિક યુગમાં સંચાલનએ નવું શૈક્ષણિક શાસ્ત્ર તરીકે કેમ આવ્યું છે ?
12. વ્યવસ્થાતંત્રની રચનામાં વધુ પડતી સપાટીઓ શા માટે ટાળવી જોઈએ ?
13. ફ્રેડરિક ટેલરની વૈજ્ઞાનિક સંચાલનની વ્યાખ્યા આપો.
14. આયોજન કર્મચારીની સ્વાતંત્ર્ય ઉપર કેવી રીતે તરાપ મારે છે ?
15. અંદાજપત્રને આંકડાની માયાજાળ કેમ કહેવાય છે ?
16. વિભાગીય વ્યવસ્થાતંત્ર ક્યાં સફળ પુરવાર થાય છે ?
17. વિકેન્દ્રીકરણ કયાં સફળ થતું નથી ?
18. વૈજ્ઞાનિક ભરતી એટલે શું ?
19. ભરતી માટેનાં આંતરિક પ્રાપ્તિસ્થાનો ઉપયોગ ક્યારે કરી શકાય ?
20. તાલીમ એટલે શું ?

## વિભાગ - C

**પ્રશ્ન નં.21 થી 35 ટૂંકજવાબી પ્રશ્નો છે. દરેક પ્રશ્નના 2 ગુણ છે. તેના જવાબ 30 શબ્દોની મર્યાદામાં આપો.** **(30)**

21. સંચાલનની પ્રક્રિયા આકૃતિની મદદથી સમજાવો.
22. સંકલનની સફળતા માટે શું કાળજી લેવી જોઈએ ?
23. સંચાલનના સિદ્ધાંતોનું મહત્ત્વ ટૂંકમાં સમજાવો.
24. આયોજનથી કર્મચારીમાં સહકાર કેવી રીતે વધે છે ?
25. અપકર્ષ અને છટણી વચ્ચે શો તફાવત છે ?
26. સમય વેતન પ્રથા કયા સંજોગોમાં અસરકારક બને છે ?

**અથવા**

કાર્યવેતન પ્રથા કયા સંજોગોમાં અસરકારક બને છે ?

27. વિધેયાત્મક અને નિષેધાત્મક પ્રોત્સાહનો એટલે શું ?
28. માહિતીપ્રેષણ એટલે શું ? એની સફળતાનો આધાર શેના પર છે ?
29. હેનરી ફેયોલના મત પ્રમાણે ઔદ્યોગિક સાહસની વહીવટી પ્રવૃત્તિઓને કેટલા વિભાગમાં વહેંચી શકાય ?
30. કેન્દ્રીકરણ ક્યાં ઉપયોગી બને છે ?

**અથવા**

કેન્દ્રીકરણની મર્યાદાઓ જણાવો.

31. ભરતી માટેનાં આંતરિક પ્રાપ્તિસ્થાનો ટૂંકમાં સમજાવો.
32. તાલીમની પ્રત્યક્ષ અને પરોક્ષ પદ્ધતિઓ જણાવો.
33. અવૈધિક વ્યવસ્થાતંત્રના લાભ જણાવો.

**અથવા**

(સામે જુઓ)

અવૈધિક વ્યવસ્થાતંત્રની મર્યાદાઓ જણાવો.

34. બજેટના ઉપયોગ જણાવો.

35. વિવિધ સપાટી વચ્ચેના આંતરસંબંધો જણાવો.

## વિભાગ - D

**પ્રશ્ન નં. 36 થી 45 ટૂંકજવાબી પ્રશ્નો છે. દરેક પ્રશ્નના 3 ગુણ છે. તેના જવાબની મર્યાદા 40 શબ્દોની છે.** **(30)**

36. આધુનિક યુગમાં વિકસીત અને વિકસતા જતાં દેશોમાં સંચાલનનું મહત્ત્વ સમજાવો.

37. POSDCORBનું સૂત્ર ટૂંકમાં સમજાવો.

38. ફ્રેડરિક ટેલરના વૈજ્ઞાનિક સંચાલનના માર્ગદર્શક સિદ્ધાંતો ટૂંકમાં સમજાવો.

**અથવા**

હેનરી ફેયોલના સંચાલનના સિદ્ધાંતો ટૂંકમાં સમજાવો. (ગમે તે આઠ)

39. આયોજનના ઘટકો પર ટૂંકનોંધ લખો.

**અથવા**

આયોજનની મર્યાદાઓ ટૂંકમાં સમજાવો.

40. વ્યવસ્થાતંત્રનો અર્થ આપી એનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

41. રૈખિક વ્યવસ્થાતંત્ર અને કાર્યાનુસાર વ્યવસ્થાતંત્ર વચ્ચે તફાવત આપો.

**અથવા**

વૈધિક અને અવૈધિક વ્યવસ્થાતંત્ર વચ્ચેનો તફાવત આપો.

42. સત્તાસોંપણીનો અર્થ આપી એનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

**અથવા**

સત્તા સોંપણીનો અર્થ આપી એના મૂળ તત્ત્વો સમજાવો.

43. માનવ સંસાધન સંચાલનની પ્રક્રિયાના તબક્કાઓ જણાવો.

44. તાલીમ અને વિકાસ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.

**અથવા**

કામદારોની તાલીમના પ્રકારો સમજાવો.

45. આદર્શ વેતન પ્રથાના અર્થ આપી એના તત્વો સમજાવો.

## વિભાગ - E

**પ્રશ્ન નં.46 થી 49 લાંબા પ્રશ્નો છે. દરેકનો 100 શબ્દોમાં જવાબ આપો. દરેકના 5 ગુણ છે.** **(20)**

46. આયોજનનો વ્યાખ્યા આપી આયોજનના તબક્કા વર્ણવો.

**અથવા**

અંદાજપત્ર એટે શું ? તેના ઘડતરની પ્રક્રિયાના તબક્કા જણાવો.

47. "વ્યવસ્થાતંત્રની રચનાએ વૈજ્ઞાનિક અભિગમ છે." - આ કથન વ્યવસ્થાતંત્રની આદર્શ રચનાના તબક્કાના સંદર્ભમાં સમજાવો.

**અથવા**

વ્યવસ્થાતંત્રના પ્રકારો જણાવી સમિતિ વ્યવસ્થાતંત્ર પર ટૂંકનોંધ લખો.

48. પસંદગીનો અર્થ આપી, પસંદગીની વિધિ ચર્ચો.

49. કર્મચારી પ્રોત્સાહનની વ્યાખ્યા આપો. નાણાકીય અને બિનનાણાકીય પ્રોત્સાહનો વિશે વિસ્તૃત નોંધ લખો.

• • •